
# સત્સંગદીક્ષા

## મુખપાઠ શ્રેણી : ૦૨



પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય,
બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.

# મેળવો રાજીપો



બાળમિત્રો, સ્વામીશ્રીનો રાજીપો મેળવવાની એક સુવર્ણતક એટલે 'સત્સંગદીક્ષા' મુખપાઠ મહાયજ્ઞ. યાદ રહે, આપણે સૌ મિત્રોએ ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૦ ના સ્વામીશ્રીને જન્મદિવસની ભેટરૂપે આ ગ્રંથનો મુખપાઠ આપવાનો છે અને તેમનો રાજીપો મેળવવાનો છે.

તો થઈ જાઓ તૈયાર... ઝડપી લો આ સુવર્ણ તકને... Good luck to all of you.

બાપ રે!! હવે તો ખૂબ જ ઓછા દિવસો બાકી છે... બાળમિત્રો, મંડી પડો અને રાજીપો મેળવી લો.



લક્ષ્યાંક તારીખ - ૧૧ સપ્ટેમ્બર ૨૦૨૦
બાકી દિવસો - ૬૨ દિવસ
કુલ શ્રેણી - ૨૧ શ્રેણી (૩૧૫ શ્લોક)
શ્રેણી દીઠ - ૧૫ શ્લોક

## BAPS STARS

બી.એ.પી.એસ પરિવારના કેટલાક બાળમિત્રોએ આ મુખપાઠ ની ચેલેન્જ સ્વીકારી લીધી છે અને તૈયારી શરૂ કરી દીધી છે. આ રહ્યા તેમાંના કેટલાક બાળકો. લીંક દબાવો અને તે બાળકોના દર્શન કરો.

Click here

सर्वेऽधिकारिणो मोक्षे गृहिणस्त्यागिनोऽपि च।
न न्यूनाऽधिकता तत्र सर्वे भक्ता यतः प्रभोः॥१७॥

સર્વેધિકારિણો મોક્ષે ગૃહિણસ્ત્યાગિનોપિ ચ।
ન ન્યૂનાધિકતા તત્ર સર્વે ભક્તા યતઃ પ્રભોઃ॥૧૭॥

ગૃહસ્થ તથા ત્યાગી સર્વે મોક્ષના અધિકારી છે. તેમાં ન્યૂનાધિકભાવ નથી, કારણ કે ગૃહસ્થ કે ત્યાગી બધા ભગવાનના ભક્તો છે. (૧૭)

स्वामिनारायणेऽनन्य-दृढपरमभक्तये।
गृहीत्वाऽऽश्रयदीक्षाया मन्त्रं सत्सङ्गमाप्नुयात्॥१८॥

સ્વામિનારાયણેનન્ય-દૃઢપરમભક્તયે।
ગૃહીત્વાશ્રયદીક્ષાયા મંત્રં સત્સંગમાપ્નુયાત્॥૧૮॥

સ્વામિનારાયણ ભગવાનને વિષે અનન્ય, દૃઢ અને પરમ ભક્તિ માટે આશ્રયદીક્ષામંત્ર ગ્રહણ કરી સત્સંગ પ્રાપ્ત કરવો. (૧૮)

आश्रयदीक्षामन्त्रश्चैवंविधः -
धन्योऽस्मि पूर्णकामोऽस्मि निष्पापो निर्भयः सुखी।
अक्षरगुरुयोगेन स्वामिनारायणाऽऽश्रयात्॥१९॥

આશ્રયદીક્ષામંત્રશ્ચૈવંવિધઃ -
ધન્યોસ્મિ પૂર્ણકામોસ્મિ નિષ્પાપો નિર્ભયઃ સુખી।
અક્ષરગુરુયોગેન સ્વામિનારાયણાશ્રયાત્॥૧૯॥

આશ્રયદીક્ષા મંત્ર આ પ્રમાણે છે -

ધન્યોસ્મિ પૂર્ણકામોસ્મિ નિષ્પાપો નિર્ભયઃ સુખી।
અક્ષરગુરુયોગેન સ્વામિનારાયણાશ્રયાત્॥ (૧૯)

(મંત્ર ઉપર લખ્યા પ્રમાણે જ બોલવો. મંત્રનો તાત્પર્યાર્થ આ પ્રમાણે છે : અક્ષરબ્રહ્મ ગુરુના યોગે સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરવાથી હું ધન્ય છું, પૂર્ણકામ છું, નિષ્પાપ, નિર્ભય અને સુખી છું.)

आश्रयेत् सहजानन्दं हरिं ब्रह्माऽक्षरं तथा।
गुणातीतं गुरुं प्रीत्या मुमुक्षुः स्वात्ममुक्तये॥२०॥

આશ્રયેત્ સહજાનંદં હરિં બ્રહ્માક્ષરં તથા।
ગુણાતીતં ગુરું પ્રીત્યા મુમુક્ષુઃ સ્વાત્મમુક્તયે॥૨૦॥

મુમુક્ષુ પોતાના આત્માની મુક્તિ માટે સહજાનંદ શ્રીહરિ તથા અક્ષરબ્રહ્મ સ્વરૂપ ગુણાતીત ગુરુનો પ્રીતિએ કરીને આશરો કરે. (૨૦)

काष्ठजां द्विगुणां मालां कण्ठे सदैव धारयेत्।
सत्सङ्गं हि समाश्रित्य सत्सङ्गनियमांस्तथा॥२१॥

કાષ્ઠજાં દ્વિગુણાં માલાં કંઠે સદૈવ ધારયેત્।
સત્સંગં હિ સમાશ્રિત્ય સત્સંગનિયમાંસ્તથા॥૨૧॥

સત્સંગનો આશરો કરી સદાય કંઠને વિષે કાષ્ઠની બેવડી માળા ધારણ કરવી તથા સત્સંગના નિયમો ધારણ કરવા. (૨૧)

गुरुं ब्रह्मस्वरूपं तु विना न संभवेद् भवे।
तत्त्वतो ब्रह्मविद्यायाः साक्षात्कारो हि जीवने॥२२॥

ગુરું બ્રહ્મસ્વરૂપં તુ વિના ન સંભવેદ્ ભવે।
તત્ત્વતો બ્રહ્મવિદ્યાયાઃ સાક્ષાત્કારો હિ જીવને॥૨૨॥

આ સંસારમાં બ્રહ્મસ્વરૂપ ગુરુ વિના જીવનમાં બ્રહ્મવિદ્યાનો તત્ત્વે કરીને સાક્ષાત્કાર ન થઈ શકે. (૨૨)

नोत्तमो निर्विकल्पश्च निश्चयः परमात्मनः।
न स्वात्मब्रह्मभावोऽपि ब्रह्माऽक्षरं गुरुं विना॥२३॥

નોત્તમો નિર્વિકલ્પશ્ચ નિશ્ચયઃ પરમાત્મનઃ।
ન સ્વાત્મબ્રહ્મભાવોપિ બ્રહ્માક્ષરં ગુરું વિના॥૨૩॥

અક્ષરબ્રહ્મ ગુરુ વિના પરમાત્માનો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય ન થઈ શકે તથા પોતાના આત્માને વિષે બ્રહ્મભાવ પણ પ્રાપ્ત ન થઈ શકે. (૨૩)

नैवाऽपि तत्त्वतो भक्तिः परमानन्दप्रापणम्।
नाऽपि त्रिविधतापानां नाशो ब्रह्मगुरुं विना॥२४॥

નૈવાપિ તત્ત્વતો ભક્તિઃ પરમાનંદપ્રાપણમ્।
નાપિ ત્રિવિધતાપાનાં નાશો બ્રહ્મગુરું વિના॥૨૪॥

બ્રહ્મસ્વરૂપ ગુરુ વિના યથાર્થ ભક્તિ પણ ન થઈ શકે, પરમ આનંદની પ્રાપ્તિ ન થાય અને ત્રિવિધ તાપનો નાશ પણ ન થાય. (૨૪)

अतः समाश्रयेन्नित्यं प्रत्यक्षमक्षरं गुरुम्।
सर्वसिद्धिकरं दिव्यं परमात्माऽनुभावकम्॥२५॥

અતઃ સમાશ્રયેન્નિત્યં પ્રત્યક્ષમક્ષરં ગુરુમ્।
સર્વસિદ્ધિકરં દિવ્યં પરમાત્માનુભાવકમ્॥૨૫॥

આથી સર્વ અર્થની સિદ્ધિ કરે તથા પરમાત્માનો અનુભવ કરાવે તેવા પ્રત્યક્ષ અક્ષરબ્રહ્મ ગુરુનો આશરો સદાય કરવો. (૨૫)

सर्वं दुर्व्यसनं त्याज्यं सर्वैः सत्सङ्गिभिः सदा।
अनेकरोगदुःखानां कारणं व्यसनं यतः॥२६॥

સર્વં દુર્વ્યસનં ત્યાજ્યં સર્વૈઃ સત્સંગિભિઃ સદા।
અનેકરોગદુઃખાનાં કારણં વ્યસનં યતઃ॥૨૬॥

સર્વ સત્સંગીઓએ સર્વે દુર્વ્યસનોનો સદાય ત્યાગ કરવો. કારણ કે વ્યસન અનેક રોગોનું તથા દુઃખોનું કારણ બને છે. (૨૬)

सुराभङ्गातमालादि यद् यद् भवेद्धि मादकम्।
तद् भक्षयेत् पिबेन्नैव धूम्रपानमपि त्यजेत्॥२७॥

સુરાભંગાતમાલાદિ યદ્ યદ્ ભવેદ્ધિ માદકમ્।
તદ્ ભક્ષયેત્ પિબેન્નૈવ ધૂમ્રપાનમપિ ત્યજેત્॥૨૭॥

સુરા, ભાંગ તથા તમાકુ ઈત્યાદિ જે જે પદાર્થો માદક હોય તે ક્યારેય ખાવા કે પીવા નહીં તથા ધૂમ્રપાનનો પણ ત્યાગ કરવો. (૨૭)

स्वामिनारायण BAPS

परित्याज्यं सदा द्यूतं सर्वैः सर्वप्रकारकम्।
त्यक्तव्यो व्यभिचारश्च नारीभिः पुरुषैस्तथा॥२८॥

પરિત્યાજ્યં સદા દ્યૂતં સર્વૈઃ સર્વપ્રકારકમ્।
ત્યક્તવ્યો વ્યભિચારશ્ચ નારીભિઃ પુરુષૈસ્તથા॥૨૮॥

સર્વે સ્ત્રી તથા પુરુષોએ સર્વ પ્રકારના જુગારનો તથા વ્યભિચારનો ત્યાગ કરવો. (૨૮)

मांसं मत्स्यं तथाऽण्डानि भक्षयेयुर्न कर्हिचित्।
पलाण्डुं लशुनं हिङ्गु न च सत्सङ्गिनो जनाः॥२९॥

માંસં મત્સ્યં તથાંડાનિ ભક્ષયેયુર્ન કર્હિચિત્।
પલાંડું લશુનં હિંગુ ન ચ સત્સંગિનો જનાઃ॥૨૯॥

સત્સંગી જનોએ ક્યારેય માંસ, માછલી, ઈંડાં તથા ડુંગળી, લસણ, હિંગ ન ખાવાં. (૨૯)

पातव्यं गालितं पेयं जलं दुग्धादिकं तथा।
खाद्यं पानमशुद्धं यद् गृह्णीयाद् वस्तु तन्नहि॥३०॥

પાતવ્યં ગાલિતં પેયં જલં દુગ્ધાદિકં તથા।
ખાદ્યં પાનમશુદ્ધં યદ્ ગૃહ્ણીયાદ્ વસ્તુ તન્નહિ॥૩૦॥

પાણી તથા દૂધ ઈત્યાદિ પેય પદાર્થો ગાળેલા ગ્રહણ કરવા. જે ખાદ્ય વસ્તુ તથા પીણાં અશુદ્ધ હોય તે ક્યારેય ગ્રહણ ન કરવાં. (૩૦)

સ્વામિનારાયણ BAPS



શ્રેણી - ૨ નો મુખપાઠ ઓડિયો
દ્વારા કરવા માટે નીચેની લીંક દબાવો.

Click here

સત્સંગદીક્ષા મુખપાઠ શ્રેણી ૧
જોવા માટે નીચેની લીંક દબાવો

Click here

ગુજરાતી ભાષાંતર અને શ્લોકની
જુદી-જુદી PDF માટે નીચેની લીંક દબાવો

Click here